ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૨૭ ટકા

# સ્થાનિક સ્વરાજની ચુંટણીના પરિણામોને પગલે ગ-માર્ગ પર રોમાંચક માહોલ

## પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે સ્વર્ણિમ પાર્કથી સે-૧૬નો વિસ્તાર પાર્કિંગ લોટમાં ફેરવાયો : જીતેલા ઉમેદવારોને હારતોરાં-અબીલ ગુલાલ સાથે સુત્રોચ્ચારથી વધાવાયા : સોશ્યલ ડિસ્ટન્સ-માસ્કના ધજાગરા ઉડયા : ખાણી-પીણી વાળા વેપારીઓને તડાકો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતે સરકારી કોલેજમાં યોજાયેલા મત ગણતરીના પગલે ગ-માર્ગ પર આજે મેળાનો માહોલ જામ્યો હતો જેમાં મોટી સંખ્યામાં રાજકીય પાર્ટીઓના કાર્યકર્તાઓ ઉમેદવારોના ટેકેદારો સહિત ગ્રામીણ વિસ્તારની જનતાની હકડે ઠઠે મેદની ઉમટી પડી હતી. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા નગરપાલિકાઓ જેવી સ્થાનિક સ્વરાજની ચુંટણીઓના પરિણામો હોવાથી મેદનીમાં ભારે ઉત્કંઠા જોવા મળી હતી. જેમાં જીતેલા ઉમેદવારોને અબીલ ગુલાલ સાથે હારતોરા કરીને સુત્રોચ્ચારથી વધાવતા કાર્યકરો અને ટેકેદારોના ટોળે ટોળાં જોવા મળ્યા હતા. દિવસ દરમિયાન સેકટર-૧૬ સહિત સ્વર્ણિમ પાર્કની આસપાસનો



વિસ્તાર પાર્કિંગ લોટમાં ફેરવાયો હતો તથા પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પણ સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક જેવા નિયમોના ધજાગરા ઉડતાં પણ જોવા મળ્યા હતા.

સ્થાનિક સ્વરાજની ચુંટણીઓના પરિણામો જાણવા માટે આજે ગ માર્ગ પર વહેલી સવારથી જ ભીડનો માહોલ સર્જાયો હતો. જેના કારણે ખાણીપીણીની રેંકડીવાળાઓ, ચાની લારીવાળા તથા પાન-બીડી-તમાકુ વેચનારાઓને તડાકો પડી જવા પામ્યો હતો. સમગ્ર વિસ્તારમાં પોલીસનો બંદોબસ્ત અને સવારથી કાર્યકરો-ટેકેદારોમાં ઉત્સાહનો માહોલ હતો પરંતુ જેમ જેમ પરિણામો આવતા ગયા અને જિલ્લા પંચાયત સહિત તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં પણ ભાજપનો ભગવો લહેરાતાં કોંગ્રેસ ટેકેદારોમાં સોંપો પડી જવા પામ્યો હતો અને ઉમેદવારો સહિત કોંગ્રેસના કાર્યકરોને સ્થળેથી ધીમે ધીમે ખસી જવાનું મુનાસીબ માન્યું હતું. આ સાથે ભાજપના ઉમેદવારો જેમ જેમ જીતતા ગયા તેમ તેમ ટેકેદારોએ તેમને હારતોરાં અબીલ-ગુલાલ કરી વધાવ્યા હતા અને ભારત માતાકી જય તથા વંદે માતરમ જેવા સુત્રો પોકાર્યા હતા.

# રાત્રે સિવિલ કેમ્પસમાં તમામ મેડીકલ સ્ટોર બંધ

## દર્દીઓના સગાઓને દવા લેવા માટે દુર દુર સુધી જવુ પડે છે, રાત્રીના સમયે એક મેડીકલ સ્ટોર ચાલુ રહે તેવી લોકમાંગ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં આવેલા તમામ મેડીકલ સ્ટોર રાત્રીના સમયે બંધ થઈ જાય છે. રાત્રીના સમયે સારવાર માટે આવતા દર્દીઓના સગાઓને દવા લેવા માટે રીતસરની રઝળપાટ કરવી પડે છે. ત્યારે રાત-દિવસ ધમધમતી ગાંધીનગરની હોસ્પિટલમાં રાત્રીના સમયે મેડીકલ સ્ટોર શરુ રહે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવતા હોય છે. તાવ થી માંડીને ડાયાલિસીસ સુધીની સારવાર થાય છે. ઓપીડી વિભાગ અને તાત્કાલીક વિભાગ પણ સતત ધમધમતો હોય છે. ત્યારે સવાર થી સાંજના ૯ વાગ્યા સુધી દર્દીઓને મેડીકલ સ્ટોરમાંથી દવા તો મળી રહે છે. પરંતુ ત્યારબાદ આવતા દર્દીઓને દવા લેવા કયાં જવુ તે પ્રશ્ન સતાવી રહ્યો હોય છે.જયારે પંડિત દીનદયાળ જનરીક સ્ટોર પણ બંધ હાલતમાં શોભના ગાંઠીયા સમાન હોય છે. જયારે જનરીક સ્ટોર ખુલ્લો હોય તેમ છતા તેમાં કેટલીક દવાઓ મળતી ન હોવાથી રાવ ઉઠે છે. પહેલા સિવિલ કેમ્પસમાં એક મેડીકલ સ્ટોર રાત્રીના સમયે ખુલ્લો રહેતો હતો, જેથી રાત્રીના સમયે આવતા દર્દીઓને તકલીફનો સામનો ન કરવો પડે. પરંતુ તે સ્થિતિ પણ છેલ્લા કેટલાક સમયથી બદલાઈ ગઈ છે. ગાંધીનગર જિલ્લામાંથી રાત્રીના સમયે અકસ્માત કે કોઈ અન્ય બિમારીના દર્દીઓ રાત્રીના સમયે સારવાર માટે આવે છે. ત્યારે સિવિલ કેમ્પસમાં જ દવા ન મળતી હોવાથી દર્દીઓ તેમજ સગાઓમાં પણ રોષની લાગણી ફેલાય છે. દર્દીના સગાઓને શહેરની અન્ય ખાનગી હોસ્પિટલ કે દુર બીજા સેકટરમાં આવેલા સ્ટોરમાંથી દવા મેળવવી પડે છે. ત્યારે સિવિલ કેમ્પસમાં રાત્રીના સમયે એક મેડીકલ સ્ટોર ખુલ્લો રાખવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. ત્યારે સિવિલ સત્તાધિશોએ પણ આ દિશામાં કામગીરી કરવી જોઈએ તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.

# સ્વામીનારાયણ ધામ પાસે હોન્ડા સીટી-એકટીવા વચ્ચે અકસ્માત : ૪ ને ઈજા

## સ્વામીનારાયણ ધામ ખાતે દર્શન કરવા અમદાવાદથી દંપતિ અને બે બાળકો આવ્યા હતા

ગાંધીનગર, તા.૨

શાહપુર સર્કલ નજીક સ્વામીનારાયણ ધામ ખાતે દર્શન કરવા માટે અમદાવાદથી દંપતિ અને બે બાળકો સાથે આવ્યા હતા. સાંજના સુમારે સૈજપુર બોઘા જવા માટે નીકળ્યા તે સમયે સ્વામીનારાયણ ધામ પાસે પાછળથી હોન્ડા સીટી કારે એકટીવાને ટકકર મારતા દંપતિ અને બે બાળકો નીચે પડ્યા હતા. દરેકને નાની મોટી ઈજા પહોંચી હોવાથી સારવાર માટે એપોલો ખસેડાયા હતા. જયારે બનાવ અંગે એકટીવા ચાલકે ફરીયાદ નોંધાવતા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ સૈજપુર બોઘા ખાતે રહેતા મનિષભાઈ રાજકુમાર રંગાણી ગત તા.૨૮ ફેબ્રુઆરીના રોજ એકટીવા પર તેઓ તેમના પત્ની અને બે બાળકો સાથે શાહપુર સર્કલ પાસે આવેલ સ્વામીનારાયણ ધામ જોવા માટે આવ્યા હતા. સાંજના ૬ વાગ્યાના અરસામાં અમદાવાદ જવા માટે નીકળ્યા હતા. ત્યારે થોડા આગળ જતા હોન્ડા સીટી કાર નં. જી.જે.૦૧.આર.ઝેડ-૦૮૫૧ ચાલકે પાછળથી એકટીવાને ટક્કર મારી હતી. જેમાં દંપતિ અને બાળકો નીચે પટકાતા ચારેય જણાને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક કાર ચાલક એપોલો હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયો હતો. તે સમયે મનિષભાઈએ કારના ચાલકનું નામ પુછતા તેણે નિલેશ મણીલાલ પ્રજાપતિ (રહે.પાર્ક વેન્યુ સોલા રોડ) કહ્યું હતું. બનાવ અંગે એકટીવા ચાલક ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.




પ્લાસ્ટીક મુકત અભિયાન હેઠળ સેકટર-૨૧ના શાકમાર્કેટ ખાતે સખીમંડળ દ્વારા કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાકમાર્કેટના વેપારીઓ અને અન્ય વેપારીઓને કાપડની થેલીના વિતરણ કાર્યક્રમમાં કોર્પોરેટર હંસાબા ધાધલ જોડાયા હતા.

## વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં ઓનલાઈન નેશનલ સાયન્સ ડે યોજાયો

ગાંધીનગર, તા.૨

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં ઓનલાઈન નેશનલ સાયન્સ ડે યોજાઈ ગયો. જેમાં શિક્ષકો દ્વારા બાળકોને વિજ્ઞાનને લગતા પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જેના બાળકોએ ઉત્તર આપ્યા હતા. આ કાર્યક્રમમાં દરેક બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો તેમજ તેમને વિજ્ઞાનને લગતી માહિતી પણ આપવામાં આવી હતી. બાળકોને વિજ્ઞાન વિષયમાં રૂચિ વધે તેમજ અવનવું જાણે તે હેતુસર ઓનલાઈન કિવઝ કોમ્પિટીશન પણ રાખવામાં આવી હતી.

# વસાહત મહાસંઘની બેઠકમાં પડતર સ્થાનિક પ્રશ્નો અંગે મક્કમ રજૂઆતનો નિર્ણય




ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની કારોબારી બેઠક તા.૨૮મી ફેબ્રુઆરી રવિવારે બપોરે સેકટર-૨ના જાહેર બગીચામા સંસ્થાના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. બેઠકમાં શહેરના પડતર પ્રશ્નોની ચર્ચાઓ કરવામાં આવી હતી. જેમાં નવા સેકટરોમાં પાણીનું અપરતુ પ્રેશર, શહેરના મધ્યમા ઘ-રોડ અને ગ-રોડ બંને એક સાથે બંધ કરવાથી ટ્રાફિક જામ સહિત વધતા અકસ્માતો, શહેરમાં વધતા દબાણો અને ગુનાખોરીઓ, ચોરીઓ, શહેરમાં આડેધડ કરવામાં આવતું ખોદકામ, સાફસફાઈમાં બેદરકારી, સેકટરોમાં આંતરિક રોડરસ્તાઓ પહોળા કરવાના બહાને વૃક્ષોનુ નિકંદન, સ્માર્ટસિટીના નામે મહાનગર પાલિકા દ્વારા થતાં અસંખ્ય ભ્રષ્ટ્રાચાર, ધૂળ ખાતા નવા ખરીદ કરેલ વાહનો તેમજ સાધન સામગ્રી વગેરેની તપાસ કરી માહિતી માંગવી, સિટીબસો દરેક સેકટરોના રુટ પર ચાલુ કરવા, શહેરમાં વસાહતો નજીક જંગલ ઝાડીઓમાં વધતી આડેધડ ઝુંપડપટ્ટી, સેકટરોમાં બાગબગીચાના રિનોવેશન કામગીરીમાં ગુણવત્તા જળવાય તેની તકેદારી સાથે ઝડપથી કામગીરી પુર્ણ કરાય તથા વારંવાર વીજળી ગુલ થવી, ગટરો ઉભરાવા જેવી અસંખ્ય સમસ્યાઓ અંગે ચર્ચા હાથ ધરીને સરકારમાં રજૂઆત કરવા નિર્ણય લેવામાં આવ્યો હતો.

સંસ્થાના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ અધ્યક્ષ સ્થાનેથી ઉપસ્થિત તમામ પ્રશ્નોની સરકારમાં રજૂઆત કરવા અને જનતા રેડ આંદોલન વખતે સરકારને આપેલ આવેદનપત્રના ઉકેલ તથા પ્રાપ્ત જવાબ અંગે માહિતી આપી વણઉકેલ મુદાઓ માટે રીમાઈન્ડર કરવાની ખાતરી આપી હતી. તેમણે મહાનગરપાલિકાની આગામી ચુટણીને ધ્યાને રાખીને મતદાર જાગૃતિ અભિયાન, મેડીકલ કેમ્પ, જેવા સેવાકીય કાર્યો કરવાની જાહેરાત પણ કરી હતી. બેઠકના સમાપને સંસ્થાના મહામંત્રી રાજેન્દ્ર પારેખે આભાર વિધિ કરી હતી. બેઠકમાં કેશરીસિહ બિહોલા, રાજેન્દ્ર પારેખ, કે. પી. સોલંકી, ઘનશયામસિંહ ગોલ, કાનજીભાઈ દેસાઈ, સી. કે. સોની, અશ્વિનભાઈ રાઠોડ, ઈશ્વરભાઈ પ્રજાપતિ, અંજનાબેન રાઠોડ, જે. કે. પરમાર, એમ. યુ. કાગદી, પ્રતિકભાઈ મહેતા, રઘુભાઈ દેસાઈ, રાજુભાઈ પ્રજાપતિ, ઉદયન પટેલ, દશરથભાઈ પરમાર તથા સ્થાનિક વસાહતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પોર ગામની ૨૫ વર્ષીય પરિણિતાએ એસીડ પી આપઘાતનો પ્રયાસ કર્યો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરને અડીને આવેલા પોર ગામની ૨૫ વર્ષિય પરિણિતાએ પતિના શારીરીક-માનસિક ત્રાસથી કંટાળી એસીડ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતા ગામમાં હોહા મચી જવા પામી હતી. બનાવ અંગે પતિ અને સાસુ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ પોર ગામના ઠાકોર વાસ ખાતે રહેતા ૨૫ વર્ષિય નિતાબેન છનાજી ઠાકોર તેમના પતિ અને સાસુ ભીખીબેન સાથે પોર ગામે રહે છે. જયારે પતિ દવાની કંપનીમાં ફરજ બજાવે છે. લગ્નને પાંચ વર્ષ થયા હોવા છતા કોઈ સંતાન નથી જેથી મહિલાના આક્ષેપ મુજબ પતિ ખોટી રીતે શંકા કરીને મારઝુટ કરે છે. જયારે સાસુ બચાવવાના સ્થાને ચઢામણી કરે છે. ગત તા.૨૮ ફેબ્રુઆરીના રોજ રાત્રે સાડા આઠ વાગે પરિણિતાએ પતિને કલોલ ખાતે જેઠાણીના ભાઈના લગ્નમાં જવાની વાત કરી હતી. જેથી મહિલાને પતિએ એકલા જવાની ના પાડી હતી. મહિલાએ ઠાકોરવાસની અન્ય મહિલાઓ સાથે જવાની વાત કરી હતી.જેથી અચાનક ઉશ્કેરાયેલા પતિએ તેમને ગડદાપાટુનો માર માર્યો હતો.પતિના વારંવારના આ પ્રકારના વર્તન અને ત્રાસને પગલે પરિણિતા થોડુ એસિડ પી ગઈ હતી, ઉલ્ટીઓ થતા પતિ તેમને અડાલજ સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયો હતો. ત્યાં પણ પતિએ એસિડ પીવાના નાટક કર્યાના ટોણા માર્યા હતા.જયારે મંગળવારના રોજ મહિલાના ભાઈ ભાભીએ ખબર નીકાળવા માટે આવ્યા હતા. ત્યારબાદ તેઓ મહિલાને કલોલની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતા મહિલા સારવાર હેઠળ છે. જયાં મહિલાએ પતિ અને સાસુ સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જે.એમ. ચૌધરી વિદ્યાલય ખાતે નિઃશુલ્ક યોગ વર્ગોનું આયોજન



ગાંધીનગર, તા.૨

શ્રી જે.એમ.ચૌધરી વિદ્યાલય ખાતે આશાબેન મહેતા દ્વારા યોગવર્ગોનું આયોજન કરવામાં આવે છે. જેમાં બીપી,ડાયાબિટીસ, થાઈરોઈડ, મોટાપા તથા કમરદર્દ તથા દરેક રોગોમાંથી મુકિત મેળવવા માટેના આસનો કરાવવામાં આવે છે. જેમાં શાળાના મોટી સંખ્યામાં શિક્ષકો જોડાય છે, રવિવારે શાળાની હોસ્ટેલની વિદ્યાર્થીનીઓને યોગાસન, પ્રાણાયામ તેમજ પ્રેરણાત્મક દ્દષ્ટાંતો આપી મોટીવેશન પુરું પાડવામાં આવે છે, જેમાં યોગના મહાનુભાવોને પણ આમંત્રિત કરી બાળકોને સકારાત્મક વિચારો તરફ પ્રેરવામાં આવે છે.

# સાયન્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે બે દિવસીય સેમિનાર યોજાયો




ગાંધીનગર, તા.૨

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીને અનુલક્ષીને ગાંધીનગરની સેકટર-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજમાં બે દિવસીય ઓનલાઈન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમીનારમાં તજજ્ઞ વકતાઓએ વિવિધ વિષયે માર્ગદર્શન પુરું પાડયું હતું. સેમિનાર તા. ૨૭ અને તા. ૨૮મી ફેબ્રુઆરી દરમિયાન યોજવામાં આવ્યો હતો.

સેમીનારના પ્રારંભે કોલેજના ભૌતિકશાસ્ત્રના અધ્યક્ષ ડૉ. જી.આર. પટેલે સાંપ્રત સમયમાં ભારતના વિકાસમાં વિજ્ઞાનના અભ્યાસ અને સંશોધનના મહ્ત્વ પર ભાર મૂકયો હતો. પ્રથમ તજજ્ઞ વકતા ડૉ. પૃથુલ દેસાઈએ 'બ્લેક હોલ્સ : એન એન્ડયુરિંગ એન્જિમા' વિષયે અને દ્વિતીય વકતા ડૉ. વિશાલ જોશીએ 'આનંત બ્રહ્માંડની સફરે...' વિષયે રસપ્રદ વકતવ્ય દ્વારા બ્રહ્માંડની વર્ચ્યુઅલ સફર કરાવી હતી. બીજા દિવસે ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા પ્રા. ડૉ. દિપક ગદાણી વિવિધ મોબાઈલ એપ્લિકેશન્સના ઉપયોગ વડે ભૌતિક શાસ્ત્રના વિવિધ પ્રયોગો કરવામાં મોબાઈલના ઉપયોગ અંગે માહિતી આપી હતી. અન્ય તજજ્ઞ વિજ્ઞાની ડૉ. ચેતન ચૌહાણે 'ઈન્સ્પાયરીંગ લાઈફ ઓફ ગ્રેટ ઈન્ડિયન ફિઝિસ્ટ ટૂ નોબેલ લીટરેટ' સી.વી. રમનનું રસપ્રદ જીવન દર્શન કરાવ્યું હતું. આ બે દિવસીય સેમિનારમાં કોલેજના આચાર્ય ડૉ. એમ.જી. ભટ્ટની રાહબરી હેઠળ કાર્યક્રમનું સંચાલન ડૉ. પુજા શર્મા તથા ડૉ. મયુરી બારોટે કર્યું હતું.

# મહાનગર ભાજપના કાર્યકરોના ઉત્સાહમાં ખૂબ જ વધારો થયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર મહાનગર ભાજપા મીડીયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, મહાનગરના ભાજપા પ્રમુખ રૂચિર ભટ્ટે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપાના સમર્થનમાં જંગી મતદાન કરી પ્રચંડ જનાદેશ આપવા બદલ જનતાનો સહૃદય આભાર વ્યકત કર્યો હતો તેમજ જણાવ્યું હતું કે આજના પરિણામોથી સ્પષ્ટ છે કે જનતાનો ભાજપા પ્રત્યેનો વિશ્વાસ અકબંધ છે, જનતાને ભાજપાના નિર્ણાયક અને મજબૂત નેતૃત્વ તેમજ રાષ્ટ્રવાદી અને વિકાસલક્ષી રાજનીતિ પર ભરોસો છે.

શ્રી ભટ્ટે જણાવ્યું હતું કે કેન્દ્રમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં તેમજ રાજયમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઈ પટેલના વડપણ હેઠળ અનેક જન કલ્યાણની યોજનાઓની સાથે સાથે વિવિધ વિકાસલક્ષી કાર્યોની હારમાળા તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી. નડ્ડાજી તેમજ પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલના માર્ગદર્શનમાં રાજયભરમાં ગોઠવાયેલી મજબૂત સંગઠન વ્યવસ્થાનું પ્રતિબિંબ આ ચૂંટણી પરિણામોમાં જોઈ શકાય છે.

શ્રી ભટ્ટે વધુમાં જણાવ્યું હતું કે આજે થયેલો ભાજપાનો ભવ્ય વિજય ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાઓ રાત દિવસ જોયા વગર નિષ્ઠા અને સમર્પણ ભાવથી ભાજપાને વધુને વધુ મજબુત કરવાના મકકમ ઈરાદા સાથે કરેલા અથાગ પરિશ્રમનું પરિણામ છે, હું ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાનો આભાર વ્યકત કરી વિજયના અભિનંદન પાઠવું છું. આગામી સમયમાં ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી આવી રહી છે ત્યારે આજના પરિણામોથી મહાનગરના ભાજપા કાર્યકર્તાઓના ઉત્સાહમાં ચોકકસપણે વધારો થયો છે.


## જન્મદિને વધામણી



સુકેતુ મહેતા
રક્તદાતા, સમાજસેવક



આશિષ પટેલ
રાધે રાધે ગૃપ



કૃપા એચ. પટેલ
મો. ૯૪૨૭૩૧૭૫૮૪

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. મકવાણા ધીરૂજી ગલબાજી
  ઉ.વ. ૭૫, સે-૨૮, આદીવાડા
- સ્વ. પંડયા રમેશચંદ્ર કાંતિલાલ
  ઉ.વ. ૮૩, ઉવારસદ

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. મહેતા રજનીકાન્ત મોહનલાલ
  ઉ.વ. ૮૭, અડાલજ, ત્રિમંદિર
- સ્વ. મહેતા સુપ્રભા પ્રાણલાલ
  ઉ.વ. ૬૪, કુડાસણ
- સ્વ. પટેલ ગોમતીબેન રમણલાલ
  ઉ.વ. ૭૯, કુડાસણ